# યહૂદા ઇશ્કરિયોત - વિશ્વાસઘાતી કે સહકારી?
## ફાધર વગીર્સ પૉલ

થોડા વખત પહેલાં એક આંતરરાષ્ટ્રીય ટેલિવિઝન ચેનલે "ગોસ્પલ ઑફ જયુડાસ" નામે એક કાર્યક્રમ રજૂ કયોર્ હતો. એને કારણે આજે જયુડાસ એટલે ઇસુના બાર પૈકીના એક શિષ્ય યહૂદા ઇશ્કરિયોતના પાત્ર અંગે વધુ જાણવા માટે લોકોની જિજ્ઞાસા જાગી છે. જોકે "ગોસ્પલ ઑફ જયુડાસ" (યહૂદા) બાઇબલનો ભાગ નથી. એને તો 'અપોક્રિફલ' એટલે કે અસલ નથી એવો બનાવટી ગોસ્પલ ગણવામાં આવે છે. કારણ, બીજા અસલ ગોસ્પલ ઇસુના શિષ્યોઓએ પહેલી સદીમાં લખ્યા છે જયારે "ગોસ્પલ ઑફ જયુડાસ" જયુડાસે નહિ પણ કોઇ ખ્રિસ્તીએ બીજી સદીમાં લખેલો છે. પણ અહીં આપણે "ગોસ્પલ ઑફ જયુડાસ"ને બાજુમાં મૂકીને બાઇબલમાં મળતા ઇસુના શિષ્ય જયુડાસ અટલે યહૂદા ઇશ્કરિયોતના પાત્રની વાત કરીએ.

યહૂદા ઇશ્કરિયોત વિશે એક બાબત ચોક્કસપણે કહી શકાય. તેઓ ઇસુએ પોતે પસંદ કરેલા બાર શિષ્યોમાંના એક હતા. પ્રથમ ત્રણ શુભસંદેશના રચયિતાઓ એટલે માથ્થી, માર્ક અને લૂક ઇસુના બાર શિષ્યોની યાદીમાં યહૂદા ઇશ્કરિયોતનું નામ છેક છેલ્લે મૂકે છે અને એ પણ તેમણે કરેલા વિશ્વાસઘાતની વાત સાથે : "અને ઇસુને દગો દીધો તે યહૂદા ઇશ્કરિયોત" (માથ્થી૧૦: ૪; માર્ક ૩: ૧૯; લૂક ૬: ૧૬). ચોથા શુભસંદેશના લેખક યોહાન યહૂદાનું પ્રથમ વાર નામ લેતાં લખે છે, "તે એમને (ઇસુને) દગો દેવાનો હતો, અને તે બારમાંનો એક હતો" (યોહાન ૬:૭૧).

યહૂદાના 'ઇશ્કરિયોત' નામ પરથી બાઇબલના પંડિતો માને છે કે તેઓ દક્ષિણ યહૂદિયામાં આવેલા કૅરિઓત નગરીથી આવેલો માણ હતો. ઇસુ અને તેમના બીજા અગિયાર શિષ્યો તો બધા ગાલીલના હતા. ચારેય શુભસંદેશ અને 'પ્રેષિતોના ચરિતો'માંથી આપણને યહૂદા ઇશ્કરિયોત વિશે જે બધી માહિતી મળે છે, એને આધારે આપણે કહી શકીએ કે યહૂદા ઇશ્કરિયોત ઇસુના બીજા બધા શિષ્યોથી અલગ તરી આવે છે. એમનો સ્વભાવ વિચિત્ર લાગે છે.

ઇસુના સમયમાં 'ઝીલોટ' નામે ઓળખાતા લોકોની એક ટુકડી કે સંઘ હતો. તે પાલેસ્તાઇનમાંથી રોમન સત્તાને બળજબરીથી દૂર કરવા ઇચ્છનાર લોકોની ટુકડી હતી. 'ઝીલોટ' અને 'ઇશ્કરિયોત' નામના સામ્યથી યહૂદાને 'ઝીલોટ' ટુકડીના માણસ પણ ગણવામાં આવે છે. ગમે તેમ પણ યહૂદા ઇશ્કરિયોત પોતાના આચારવિચારથી બીજા બધા શિષ્યોથી તદ્દન ભિન્ન વ્યકિત પુરવાર થાય છે.

યોહાને યહૂદા ઇશ્કરિયોતને ચોખ્ખેચોખ્ખો 'ચોર' કહ્યો છે. એક વાર ઇસુ પોતાના મિત્ર લાઝરસને ત્યાં ગોઠવેલા એક ભોજન સમારંભમાં પંગતે બેઠા હતા. તે પ્રસંગના વર્ણનમાં યોહાને આપણને યહૂદા ઇશ્કરિયોતનો સારો પરિચય પણ આપ્યો છે.

"તે વખતે મરિયમે અસલ જટામાસીનું અત્યંત કીમતી એક શેર અત્તર લાવી ઇસુના ચરણે લગાડયું અને પોતાના વાળ વડે તેમના ચરણો લૂછયા. આખું ઘર અત્તરની મહેકથી મધમધી ઊઠયું. યહૂદા ઇશ્કરિયોત, ઇસુનો એક શિષ્ય, જે એમને દગો દેવાનો હતો તે બોલી ઊઠયો, 'આ અત્તર ત્રણસો રૂપામહોરમાં વેચીને તે રકમ ગરીબોને કેમ ન વહેંચી આપી?' એને ગરીબોની બહુ પડી હતી માટે એ આમ બોલ્યો હતો એવું નહોતું, પણ એ પોતે ચોર હતો, અને પૈસાની પેટી એની પાસે હતી. એટલે તેમાં જે કંઇ મૂકવામાં આવતું તે એ ચોરી લેતો હતો " (યોહાન ૧૨: ૩-૬).

યોહાન અને યહૂદા ઇશ્કરિયોતે બીજા શિષ્યો સાથે ઇસુને ત્રણત્રણ વર્ષ અનુસર્યા હતા. તેઓએ ઇસુના સંદેશા સાંભળ્યા હતા. એમના ચમત્કારો જોયા હતા. ઇસુ અને યહૂદા ઇશ્કરિયોત સાથેના અનુભવનાં ઘણાં વર્ષ પછી આશરે ઇસ્વીસન ૫૫ અને ૮૫ વચ્ચે યોહાને પોતાના શુભસંદેશની રચના કરી છે. એટલે ઇસુને દગો દેવાનો પ્રસંગ, ક્રૂસે ચઢાવીને મારી નાખવાની ઇસુની શિક્ષા તથા યહૂદા ઇશ્કરિયોતનો ફાંસી ખાવાનો બનાવ - આવી બધી બાબતોને ધ્યાનમાં લીધા પછી યોહાન ઉપર મુજબ યહૂદા ઇશ્કરિયોતનું વર્ણન કરે છે. એમાં યોહાને નિ:સંકોચપણે યહૂદા ઇશ્કરિયોતને ખૂબ નિમ્ન કક્ષાના પાત્ર તરીકે વર્ણવ્યું છે.

ઇસુએ બીજા શિષ્યોની જેમ યહૂદા ઇશ્કરિયોતને પોતાના બાર શિષ્યોમાંના એક તરીકે પસંદ કર્યા. એટલું જ નહિ, બલકે, પોતાની નાની ટુકડીના ખજાનચી તરીકે પૈસાની પેટી એને સોંપી હતી. એટલે ઇસુએ યહૂદા ઇશ્કરિયોતના સ્વભાવ અને વ્યકિતત્વમાં કશુંય ખોટું જોયું ન હોય. ઇસુએ યહૂદા ઇશ્કરિયોતને પસંદ કર્યા ત્યારે તેમણે તેમનામાં એક ઉપયોગી અને કાર્યક્ષમ શિષ્યનું રૂપ નિહાળ્યું હશે.

ઇસુના શિષ્ય બનીને ઇસુની નાની ટૂકડીમાં જોડાયા ત્યારે યહૂદા ઇશ્કરિયોતે ઇસુમાં યહૂદી પ્રજાને રોમનોની સત્તામાંથી મુકિત અપાવનાર તારણહારનું દર્શન કર્યું હશે. યહૂદી પ્રજા તો ઇસુના જન્મ વખતે તારણહારની રાહ જોતી હતી. તેઓ માનતા હતા કે કોઇ રાજકીય આગેવાન તેમને રોમન સત્તામાંથી મુકિત અપાવશે કે ભૌતિક મુશ્કેલીઓ તથા માંદગીમાંથી તેમને બચાવશે. એટલે બાઇબલના કેટલાક પંડિતો કહે છે કે, એક ચતુર યહૂદી તરીકે યહૂદા ઇશ્કરિયોત ઇસુને યહૂદીઓના રાજકીય મુકિતદાતા ગણીને ઇસુના શિષ્ય બન્યા હશે. એટલે તેમણે ઇસુ રાજકીય મુકિતદાતા તરીકેનું પોતાનું કામ જલ્દી પાર પડે એમાં એમને મદદરૂપ થવા માટે એમને દગો દીધો છે!

પરંતુ ચારેય શુભસંદેશકારોએ યહૂદા ઇશ્કરિયોત વિશે કરેલી સમગ વાતોના સંદર્ભમાં ઇસુના સહકારી બનવા માટે યહૂદા ઇશ્કરિયોતે ઇસુને દગો દીધો છે એવી વાત યોગ્ય લાગતી નથી.

માથ્થી, માર્ક અને લૂકે સ્પષ્ટ જણાવ્યું છે કે યહૂદા ઇશ્કરિયોત પોતાની મેળે જ યહૂદીઓના વડા પુરોહિત પાસે ગયો હતો. સંત માથ્થીએ નોંધ્યું છે કે,

"બારમાંના એક, યહૂદા ઇશ્કરિયોતે મુખ્ય પુરોહિતો પાસે જઇને કહ્યું , 'હું તને પકડાવી દઉં તો તમે મને શું આપશો?' તે લોકોએ તેને ત્રીસ ચાંદીના સિક્કા તોળી આપ્યા. ત્યારથી તે ઇસુને પકડાવી દેવાની તક શોધવા લાગ્યો" (માથ્થી ૨૬, ૧૪-૧૬; જુઓ માર્ક ૧૪, ૧૦-૧૧; લૂક ૨૨, ૩-૬).

દેખીતી રીતે ઇસુને પકડાવી દેવામાં પહેલ કરીને યહૂદા ઇશ્કરિયોત યહૂદી આગેવાનો પાસે જાય છે. યહૂદી આગેવાનો યહૂદા ઇશ્કરિયોતની દરખાસ્તથી ખુશ થયા અને તેઓએ કોઇ આનાકાની વિના તેમને "ત્રીસ ચાંદીના સિક્કા તોળી આપ્યા". અને માથ્થી ઉમેરે છે કે, "ત્યારથી તે ઇસુને પકડાવી દેવાની તક શોધવા લાગ્યો".

અંતે યહૂદા ઇશ્કરિયોતે એક ચુંબનથી એટલે કે મિત્રતા અને નિકટના સંબંધની નિશાનીથી ઇસુને દગો દીધો. માથ્થી લખે છે કે, "સીધા ઇસુની પાસે આવીને તેણે કહ્યું, 'પ્રણામ ગુરુદેવ!' પછી તેણે ઇસુને ચુંબન કર્યું" (માથ્થી ૨૬, ૪૯).

ઇસુએ આગાહી કરતાં છેલ્લા ભોજન વખતે પોતાના બારેય શિષ્યોને કહ્યું હતું કે તેમાંનો એક જણ તેમને દગો દેશે. "હું તમને ખાતરીથી કહું છું કે, તમારામાંથી એક જણ, જે મારી સાથે જમી રહ્યો છે, તે મને પકડાવી દેશે" (માર્ક ૧૪, ૧૯).

ઇસુ હંમેશની ટેવ મુજબ જેતૂન વાડીમાં પ્રાર્થના કરવા જતા હતા. યહૂદા ઇશ્કરિયોતને એની ખબર હતી. એટલે ત્યાં જાહેર જનતાના કોઇ વિરોધ વિના તેમને પકડાવી દેવાની યોગ્ય તક માનીને યહૂદા ઇશ્કરિયોત મુખ્ય પુરોહિતના માણસોને લઇને જેતૂન વાડીમાં ઇસુ પાસે પહોંચી જાય છે. યહૂદા ઇશ્કરિયોત એ લોકોને આપેલી બાતમી મુજબ ઇસુને ચુંબન કરવા જાય છે ત્યારે ઇસુ "દગાખોર", "વિશ્વાસઘાતી", "દુશ્મન" જેવા નામોથી યહૂદા ઇશ્કરિયોતને બોલાવી શોરમચોર કરી વિરોધ કરતા નથી. તેઓએ પ્રેમથી એમનું નામ લઇને એટલું જ કહ્યું કે, "યહૂદા, ચુંબન કરીને તું માનવપુત્રને પકડાવી દે છે?" (લૂક ૨૨, ૪૮)

ગુરુ-શિષ્ય અને મિત્રતાના સંબંધના ચુંબનથી ઇસુને પકડાવી દેવાના યહૂદા ઇશ્કરિયોતના વર્તનમાં આપણને માનવહૃદય કેટલું ક્રૂર અને દગાખોર બની શકે છે એનો ખ્યાલ આવે છે! અને સાથોસાથ આવી કપટી પરિસ્થિતિમાં પણ વિશ્વાસઘાતીને પ્રેમથી

એનું નામ લઇને બોલાવનાર ઇસુના પ્રેમ અને ધીરજથી આપણે આશ્ચર્યચકિત થઇએ છીએ. તેમણે યહૂદા ઇશ્કરિયોતને ત્રણ વર્ષ સુધી પોતાની સાથે રાખીને પ્રેમ, ધીરજ, માફી, સેવા, શાંતિ, દયા, કરુણાના પાઠ પોતાના જીવનથી તથા સંદેશથી આપ્યા છે. પોતે ચીંધેલા એ જ રસ્તે ઇસુ 'યહૂદા'નું નામ દઇ બોલાવીને દગાખોરમાંથી પાછો ફરવા તેને આમંત્રણ આપે છે.

પરંતુ પીતરની જેમ પશ્ચાત્તાપથી ઇસુ પાસે પરત આવવાને બદલે યહૂદા ઇશ્કરિયોત પોતાની મેળે હતાશાને રસ્તે ચઢે છે! પોતાની જાતને ઇસુ અને બીજા બધા શિષ્યોમાંથી અલગ કરીને તે ગળાફાંસો ખાઇ લે છે!

એક પાપમાંથી બીજા પાપમાં અને ત્રીજા પાપમાં સહેલાઇથી લપસી પડાય છે. પાપની આ યાત્રા ખતરનાક છે. પાપની શરૂઆતમાં સાવધ બનીને પશ્ચાત્તાપને રસ્તે જીવનમાં પરત ફરવામાં શાણપણ છે. એ જ ઇસુએ ચીંધેલો રસ્તો છે. તો સેતાનનો રસ્તો પાપમાં અને પાપમાં ખૂંપી જવાનો છે. પાપ માણસને કયાં સુધી દોરી જશે એ તો કોઇ કહી શકશે નહિ. પરંતુ કોઇ પણ ગુનામાંથી ઇસુ તરફ વળવાનો રસ્તો હમેશાં ખુલ્લો છે.

યહૂદા ઇશ્કરિયોતના પાત્રમાંથી આપણે એક બીજો પાઠ પણ લઇ શકીએ. ઇસુ સાથે ત્રણત્રણ વર્ષ રહેવા છતાં, તેમનાં પ્રેમ, માફી, દયા જેવા સંદેશાઓ સાંભળવા છતાં, અને તેમના ચમત્કારોના સાક્ષી બનવા છતાં અંતે માણસ ખુદ પોતાના રસ્તે ચડીને એમને દગો દઇ શકે છે અને પોતાની જાતને ખોઇ શકે છે!